# પ્રભુ તારા ચરણોમાં અમને તું લેજે

પ્રભુ તારા ચરણોમાં અમને તું લેજે (૨)
પ્રભુ તારા શરણોમાં અમને તું લેજે (૨)
કરીને દયા ભક્તિ તારી તું લેજે (૨)
પ્રભુ તારા ચરણોમાં અમને તું લેજે (૨)

અમે તો સદાના, છીએ બાળ તારા (૨)
કદી નાથ અવગુણ જો જો અમારા (૨)
સદા માંગીએ નાથ દેજો સુબુદ્ધિ (૨)
આ વિનંતી અમારી છે, ઉરમાં તું લેજે (૨)
પ્રભુ તારા ચરણોમાં અમને તું લેજે (૨)

કે છોરું કછોરું કદી થાય ત્રાતા (૨)
ન કરતા કદી રોષ પિતા કે માતા (૨)
કે માતા પિતા નાથ તું છે અમારો (૨)
કહેવું ઘટે તે અમોને તું કહેજે (૨)
પ્રભુ તારા ચરણોમાં અમને તું લેજે (૨)

ભૂલ્યા મોટા મોટા, અમારું ગજું શું ? (૨)

પડયા તારા ચરણે, કહીએ વધુ શું ? (૨)

રસિક શ્યામના નાથ, થઈને સુકાની (૨)

આ નૈયા કિનારે, અડાડી તું દેજે (૨)

પ્રભુ તારા ચરણોમાં અમને તું લેજે (૨)

પ્રભુ તારા શરણોમાં અમને તું લેજે (૨)

કરીને દયા ભક્તિ તારી તું લેજે (૨)

પ્રભુ તારા ચરણોમાં અમને તું લેજે (૨)

2017-01-22 – https://www.youtube.com/watch?v=VGSJMcU-if8